એમ.એ.સી.પી.નં. : 288 / 2020

## -:- આંક – 1 નીચે હુકમ -::-

અરજદાર / અરજદારના વિ.વકીલશ્રી તથા સામાવાળા / સામાવાળાના વિ.વકીલશ્રીએ હાજર થઈ આજરોજ લોકઅદાલતમાં આંક 12 થી સમાધાન રજૂ કરતાં તે સ્વૈચ્છિક, તેમના લખાવ્યા મુજબ અને પક્ષકારોને કબુલ મંજૂર હોવાનું સ્વીકારતા સદર સમાધાન નોંધવા હુકમ કરવામાં આવેલ છે. તે સમાધાનને અનુરુપ નીચે મુજબ હુકમ કરવામાં આવેલ છે.

(1) હાલના ક્લેઈમ સંબંધે સામાવાળા નં. (3) આઈ.સી.આઈ.સી.આઈ. લોમ્બાર્ડ જનરલ ઈન્સ્યોરન્સ કંપની લી. વાળાએ અરજદારને અરજી સંબંધે ફુલ એન્ડ ફાઈનલ સેટલમેન્ટ પેટે વળતરના ₹. 3,60,000/- (અંકે રુપિયા ત્રણ લાખ સાઈઠ હજાર પુરાં) ચૂકવવા જવાબદારી સ્વીકારેલ છે અને અરજદારે સદર સેટલમેન્ટવાળી રકમ સુધી પોતાનો ક્લેઈમ મર્યાદિત કરી સ્વીકારેલ છે અને અરજદારે બાકીના સામાવાળાઓને ક્લેઈમની જવાબદારીમાંથી મુક્ત ગણવા કબુલ રાખેલ છે.

(2) જવાબદારી સ્વીકારનાર સામાવાળાએ સમાધાન મુજબની રકમ આજથી ત્રણ માસમાં અરજદારને ચૂકવવી કે ટ્રીબ્યુનલમાં જમા કરાવવાની રહેશે, તેમાં નિષ્ફળ ગયેથી સમાધાનની તારીખથી દર વર્ષે 9 ટકાના દરથી સાદું વ્યાજ અરજદારને ચૂકવવાનું રહેશે.

(3) વળતર અરજીનો ખર્ચ પક્ષકારોએ જાતે ભોગવવાનું રહેશે. મળવાપાત્ર કોર્ટ ફી રીફંડ સર્ટીફીકેટ અરજદારના નામનું કાઢવું.

ઉપરોક્ત વિગતે હુકમનામુ દોરવું.
હુકમ આજરોજ લોક અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. 10/07/2021
અમદાવાદ

(શ્રી એન. એલ. દવે)
I/C. મોટર એક્સીડેન્ટ ક્લેઈમ ટ્રીબ્યુનલ મુખ્ય
મીરઝાપુર, અમદાવાદ (ગ્રામ્ય).